150 YEARS OF CELEBRATING THE MAHATMA

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા


કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ. બનાસકાંઠા

**(ISO 9001:2008 Certified)**

**Phone No.(02742) 257055** **Email Id: bnsdeo@gmail.com**


ક્રમાંક:માવિ/વિકલાંગ દિન/વશી/૨૦૨૦/૯૯૪૯૪ તા.૨૬/૦૮/૨૦૨૦.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક/ઉચ્ચ.માધ્ય.શાળાઓ તમામ
બનાસકાંઠા,પાલનપુર.

વિષય:- વિકલાંગ દિનની ઉજવણી બાબત.
સંદર્ભ:- ઉ.ગુ.વિકલાંગ કલ્યાણ સંઘ,વિસનગરના પત્રક્રમાંક:યુજીવીકેએસ/૦૩૮/૨૦૨૦-૨૧ તા.૧૯/૦૮/૨૦૨૦.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિસનગર દ્વારા ઉત્તર ગુજરાતમાં આ સંસ્થા દ્વારા ઉજવનાર ૯ મી સપ્ટેમ્બરના વિકલાંગ દિનના કાર્યક્રમમાં સહકાર આપવા તથા વિકલાંગોના કલ્યાણ માટે ફાળો એકત્ર કરવા મદદરૂપ થવા તેમજ એકત્ર થયેલ ફાળો ઉત્તર.ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિકલાંગ સેવા પરીસર,વિસનગર-વિજાપુર હાઈવે,બાજીપુરા પાટીયા પાસે,મુ.કુવાસણા તા.વિસનગર જી.મહેસાણા સંસ્થાને ચેક/ડ્રાફ્ટ/મનીઓર્ડર કે રોકડથી મોકલી આપવા જણાવવામાં આવે છે. ફાળાની રકમ સંસ્થાના દેનાબેંક વિસનગરના એકાઉન્ટ નંબર 009810009836 IFSC CODE NO.BKDN 0150098 માં પણ જમા કરાવી શકાશે.નાણાં ભર્યાની પહોંચ સંસ્થાને મોકલી આપશો.આ કાર્યક્રમના કારણે તમારી સંસ્થાને રોજીંદી કામગીરીમાં કોઈ ક્ષતિ ન પહોંચે તે રીતે સ્વૈચ્છિક સહયોગ આપવાનો રહેશે.

આ માનવ કલ્યાણ કાર્યમાં ઉપરની વિગતે સંસ્થાની કામગીરી,પ્રતિષ્ઠા વગેરે ચકાસી મદદરૂપ થવા અનુરોધ કરવામાં આવે છે.

(NB) [signature]
જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

<u>નકલ રવાના:-</u>

પ્રતિ,
સંસ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી
ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ,
વિકલાંગ સેવા પરીસર,વિસનગર-વિજાપુર હાઈવે,
બાજીપુરા પાટીયા પાસે,મુ.કુવાસણા તા.વિસનગર જી.મહેસાણા

Scanned by CamScanner

જય ગોગા / જય જદુ

# ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ

દિવ્યાંગ સેવા પરીસર, વિસનગર-વિજાપુર હાઈવે,
બાજીપુરા પાટીયા પાસે, મુ.કુવાસણા તા.વિસનગર
જી.મહેસાણા (ઉ.ગુ.) ફોન : (૦૨૭૬૫) ૨૮૧૨૧૦
મો.૯૭૨૭૭૨૮૯૦૯/૯૮૨૫૮૪૨૦૧૩/૯૭૨૭૭૨૮૯૧૩
Email : info@ugvks.org web:www.ugvks.org

જાવક નં.: યુજીવીકેએસ/૦૩૮/૨૦૨૦-૨૧

તારીખ: ૧૯-૮-૨૦૨૦

:: રજીસ્ટર્ડ પોસ્ટ એડીથી ::

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધીકારીશ્રી
જિલ્લા શિક્ષણાધીકારીશ્રીની કચેરી, બ.કાં.જિલ્લો
જોરાવર પેલેસ,
પાલનપુર.

વિષય :- ॥ વિકલાંગ દિન ॥ ની ઉજવણીનો પરીપત્ર કરવા બાબત....
સંદર્ભ :- કમિશ્નરશ્રી મભોયો અને શાળાઓની કચેરીનો પત્ર નં.૯૦-સજય-ગ-૨૦૦૦-૦૧ તા.૫-૮-૨૦૦૦

મા.સાહેબશ્રી,

સપ્રેમ નમસ્કાર, સવિનય જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ-વિસનગર સંસ્થા સમગ્ર ઉત્તર ગુજરાતના અંધ,અપંગ,બહેરા-મૂંગા તેમજ મંદબુધ્ધિવાળા વ્યક્તિઓના સર્વાંગિક વિકાસ માટે કાર્ય કરતી સમગ્ર ઉત્તર ગુજરાતની એક માત્ર સંસ્થા છે. વિકલાંગોના કલ્યાણ માટે સંસ્થા દ્વારા અનેકવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે જેનો પ્રવૃત્તિ દર્શાવતુ બ્રોશર આ સાથે સામેલ રાખેલ છે.

વિકલાંગોની શક્તિઓથી સમાજ વાકેફ થાય તથા વિકલાંગો પ્રત્યેની સમજ તથા જાગૃતિ કેળવાય અને સંસ્થાની પ્રવૃત્તિઓથી વિકલાંગો તથા સમાજ વાકેફ થાય તે માટે સંસ્થા દ્વારા દર વર્ષે તા.૯ મી સપ્ટેમ્બરના દિવસે ॥ વિકલાંગ દિન ॥ ની ઉજવણી કરવામાં આવે છે તેમજ વિકલાંગોના કલ્યાણ માટે ફાળો એકત્ર કરવામાં આવે છે અને વિકલાંગ કલ્યાણ માટે વાપરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ તા.૯ મી સપ્ટેમ્બર-૨૦૨૦ના દિવસે વિકલાંગ દિનની ઉજવણી કરવામાં આવનાર છે.

તો આપના જિલ્લાની તમામ માધ્યમીક તથા ઉચ્ચ.માધ્યમીક શાળાઓમાં તા.૯ મી સપ્ટે-૨૦૨૦ નો દિવસ ॥ વિકલાંગ દિન ॥ તરીકે ઉજવાય તે માટે જિલ્લાની તમામ માધ્ય.તથા ઉચ્ચ.માધ્યમીક શાળાઓમાં ગત વર્ષના જેવો પરિપત્ર કરવા વિનંતી છે. આ સાથે આપની કચેરીના ગત વર્ષના પરિપત્રની નકલ સામેલ છે.

સહકારની અપેક્ષા સહ.

આપની વિશ્વાસુ

(સુરેખાબેન પટેલ)
સંસ્થાપક અને માનદ્ મંત્રી

ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ * વિસનગર *

બિડાણ :-
(૧) કમિશ્નરશ્રી.મ.ભો.યો.અને શાળાઓની કચેરીના પરિપત્રની નકલ (૨) સંસ્થાનું પ્રવૃત્તિ દર્શાવતુ બ્રોશર
(3) ગત વર્ષના વિકલાંગ દિનની ઉજવણીના પરીપત્રની નકલ (૪) વિકલાંગ ધારા માન્યતા પ્રમાણપત્રની નકલ.
(૫) સંસ્થા નોંધણી દાખલાની નકલ (૬) સંસ્થાને મળેલ એવોર્ડની નકલ (૭) સંસ્થાના ઓડીટેડ હિસાબની નકલ.
(૮) ઈન્કમટેક્ષ માફી પ્રમાણપત્રની નકલ. (૯) પાનકાર્ડની નકલ.

Scanned by CamScanner